**આદિવાસી સંસ્કૃતિ વિસરાઈ ન જાય તે માટે હવે લોકો ડીજે છોડી પરંપરાગત વાદ્ય 'તુર-થાળી' તરફ વળ્યા**

**આદિવાસી કલાકારોએ રોજગારીનો અવસર**

# હોળી પર્વે આદિવાસી વાદ્ય તુર-થાળીની ખરીદી માટે લવાછામાં જામ્યો મેળો

**આદિવાસી** સંસ્કૃતિ વિસરાઈ ન જાય તે માટે હવે લોકો ડીજે છોડી પરંપરાગત વાદ્ય 'તુર-થાળી' તરફ વળ્યા

**સ્થાનિક** આદિવાસી કલાકારોને વારસાગત હસ્તકળા જાળવી

**એક** તુર બનાવતા બે કલાકારોને લાગે છે એક દિવસનો સમય : લાઈવ ડેમોન્સ્ટ્રેશન દ્વારા વેચાણ



### આદિવાસી સંસ્કૃતિમાં તુર-થાળીનું મહત્વ

લગ્નપ્રસંગ, મરણપ્રસંગ, નવા ઘરની પુજા, કુળદેવી કનસેરી દેવીની પુજા, સાંસ્કૃતિક કાર્યક્રમો, તેમજ અન્ય ધાર્મિક વિધિઓમાં તુર-થાળી વગાડવાનું ખાસ મહત્વ છે. આ ઉપરાંત તહેવારોમાં હોળીના પ્રસંગે આ વાદ્યોનો ઉપયોગ આદિવાસીઓ કરે છે. તુર-થાળીમાં જુદા જુદા ચાળાના તાલે વિવિધ નૃત્યો કરવામાં આવે છે.

વાપી : હોળી આદિવાસીઓનો ખૂબ જ માનીતો અને આસ્થાનો તહેવાર છે. હોળીની વલસાડ જિલ્લામાં પણ ખુબ ધામધુમથી ઉજવણી કરવામાં આવે છે. ખાસ કરીને આદિવાસીઓ હોળી પહેલા ફાગણ સુદ એકમથી જ હોળીની ઉજવણીની તૈયારી શરૂ કરી દે છે. જિલ્લામાં અનેક સ્થળોએ હોળીના હાટબજાર અને મેળાઓ ભરાય છે. એવો જ એક હોળીના તહેવારની ઉજવણી કરતો મેળો એટલે વાપી તાલુકાના લવાછા ખાતે યોજાતો લાવાછાનો 'હોળી મેળો'. આ મેળાની શરૂઆત શિવરાત્રિના અઠવાડિયા બાદ લવાછા ખાતે સ્થાનિક આદિવાસી હસ્ત કળાના કલાકારો તુરના વેચાણની શરૂઆત કરે છે. 'તુર' એ મૃદંગ વર્ગમાં આદિવાસીઓનું પરંપરાગત વાદ્ય છે. જેની હાથ બનાવટની કલાકારી આજે પણ સ્થાનિક કલાકારોએ જાળવી રાખી છે. 'કાંસાની થાળી' તુરની પુરક છે. 'તુર અને થાળી' એક સાથે વગાડવામાં આવે છે. તુર-થાળી આદિવાસીઓના પરંપરાગત અને મુખ્ય વાદ્યો છે.

લવાછાના હોળી મેળામાં જ તુરનું વેચાણ થાય છે, અન્ય કોઈ મેળાઓમાં તુરનું વેચાણ જોવા મળતું નથી. અહીંના મેળામાં તુરના વેચાણ દ્વારા આદિવાસી કલાકારો રોજગારી મેળવે છે. એક તુર બનાવતા બે કલાકારને સંપૂર્ણ એક દિવસ જેટલો સમય થાય છે. એક તુરનું વેચાણ આશરે રૂપિયા ૮૦૦૦ થી રૂપિયા ૧૦૦૦૦માં થાય છે. રાજ્યના અનેક વિસ્તારોમાંથી તેમજ મુંબઈ જેવા મોટા શહેરોમાંથી પણ લોકો તુરની ખરીદી કરવા માટે આવે છે.

કલાકાર ધીરુભાઈ પરમાર ૨૫થી વધુ વર્ષોથી તુરની હસ્તકળા સાથે જોડાયેલા છે. તેમણે જણાવ્યું હતું કે, આ કળા વારસામાં મળી છે. પહેલા આ દાદા અને પિતાજી પણ તુર બનાવતા હતા. તુર બનાવવા માટે સૌપ્રથમ માટીનું એક નાનું અને એક મોટું એમ બે મુખ ધરાવતા કાંઠાની જરૂર પડે છે. એ કાંઠા ઉપર મૃત પશુનું સારી પેઠે કેળવેલું ચામડું લગાવવામાં આવે છે. ચામડું ચડાવવા પહેલા ચામડાને આશરે ૧૫ દિવસ સુધી ચુનાના પાણીમાં પલાળ્યા બાદ તેની સારી રીતે સફાઈ કરી કાપડ જેવું પાતળું કરવામાં આવે છે. તુર બન્યા બાદ બંને તરફના ચામડાના મધ્ય ભાગમાં ચોખાનો અડધો પકાવેલો રોટલો અને ડાંગરના પૂળાને સળગાવીને બનાવેલી રાખને ભેળવીને બનાવવામાં આવતું મીણ જેવું પદાર્થ 'ભેંણ' લગાવવામાં આવે છે. 'ભેંણ' લગાવવાથી તુરનો અવાજ ખુલે છે અને સરસ મિડીયમ રેન્જનો અવાજ આવે છે. કલાકારો વિનોદ પટેલ અને ગુલાબ પટેલ જણાવે છે કે, તેઓ તુર-થાળીનું ગ્રાહકોને લાઈવ ડેમોન્સ્ટ્રેશન બતાવે છે. તેઓ વિવિધ નૃત્યો કરે છે, જેથી ગ્રાહકોને તુરના અવાજનો સ્પષ્ટ ખ્યાલ આવે. ડેમો બતાવવાનું એક તુરના વેચાણ પર રૂપિયા ૫૦૦ જેટલું મહેનતાણું પણ મળે છે. આદિવાસી સંસ્કૃતિ વિસરાઈ ન જાય તે માટે હવે લોકો ડીજે છોડી પરંપરાગત વાદ્ય 'તુર-થાળી' તરફ વળ્યા છે. નાના બાળક-બાળકીઓ પણ તુર-થાળી વગાડતા શીખી રહ્યા છે. તેથી તુર-થાળી અને અન્ય પરંપરાગત વાદ્યોનો વધુ પ્રચાર પ્રસાર થાય તેવા પ્રયાસો પણ થઈ રહ્યા છે. જે તુર-થાળીના મહત્તમ વેચાણ પરથી જ જાણી શકાય છે.

## નવસારી- બારડોલી રોડ પર રસ્તામાં ગાય આવતા મોપેડ સ્લિપ થતા સગીરનું મોત

નવસારીઃ નવસારી-બારડોલી રોડ પર રસ્તામાં ગાય આવતા મોપેડની બ્રેક મારતા સ્લિપ થતાં ચાલક તરુણનું ડીવાઈડર સાથે અથડાતા મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, નવસારી કણબાડ ગામે ભગત ફળીયામાં પ્રિન્સ પિન્ટુભાઈ રાઠોડ (ઉં.વ. 15) તેમના પરિવાર સાથે રહેતો હતો. ગત ૧૧મીએ પ્રિન્સ તેની મોપેડ (નં. જીજે-21-બીડી-2554) લઈને બારડોલી રોડ ઉપર જતો હતો, ત્યારે નવસારી-બારડોલી રોડ પર ધરતીધન માર્બલ સામેથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન રસ્તામાં ગાય આવી જતાં પ્રિન્સે મોપેડની બ્રેક મારી હતી. જેના કારણે મોપેડ સ્લિપ થઈ જતાં પ્રિન્સ રોડની વચ્ચે આવેલા ડીવાઈડર સાથે અથડાતા તેના માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી ઘટના સ્થળે ભેગા થયેલા લોકોએ તેને તાત્કાલિક સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડયો હતો. જ્યાં હોસ્પિટલમાં ફરજ પરના ડોકટરે તેને ચકાસીને મૃત જાહેર કર્યો હતો. નવસારી ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઇન્ટરવ્યુમાં ફેલ થવાની ચિંતામાં વિજલપોરના યુવાને જીવન ટુકાવ્યું

નવસારી : ઇન્ટરવ્યુમાં ફેલ થવાની ચિંતામાં વિજલપોરના યુવાને ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધાનો બનાવ જલાલપોર પોલીસ મથકે નોંધાયો છે. મળતી માહિતી મુજબ, મૂળ જલાલપોર તાલુકાના ઓંજલ-માછીવાડ ગામે શાંતિનગરમાં અને હાલ વિજલપોર જાગૃતિનગર સેવન-ડે સ્કુલ પાસે દિવ્યેશ પ્રવિણભાઈ ટંડેલ (ઉં.વ. 28) તેના પરિવાર સાથે રહેતો હતો. દિવ્યેશ હાલ બેરોજગાર હતો. જોકે દિવ્યેશ વિદેશ નોકરી જવા અર્થે માટે પ્રયાસ કરી રહ્યો હતો. દરમિયાન દિવ્યેશે ગત 11મીએ રસિયા ખાતે નોકરી માટે ઇન્ટરવ્યુ આપ્યું હતું. પરંતુ દિવ્યેશને ઇન્ટરવ્યુમાં ફેલ થવાની ચિંતા હતી. જેના કારણે તે માનસિક તણાવમાં રહેતો હતો. જેથી દિવ્યેશે ઇન્ટરવ્યુમાં ફેલ થવાની ચિંતાના કારણે પોતાના ઘરે પહેલા રૂમમાં પંખા સાથે સાડીનો છેડો બાંધી ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. રાત્રે પરિવારજનો ઘરે આવ્યા ત્યારે દીવ્યેશને ફાંસો ખાધેલી હાલતમાં જોતા તેમના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. જેથી દીવ્યેશની માતા અને પાડોશીઓએ ઘરનો દરવાજો તોડી દીવ્યેશને નીચે ઉતારી તાત્કાલિક નવસારી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. જ્યાં ફરજ પરના ડોકટરે તેને ચકાસીને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે મૃતકની માતા લીલાબેને જલાલપોર પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હે.કો. મહેશભાઈને સોંપી છે.

### નવસારીમાં દારૂ પીવા બાબતે માતાએ ઠપકો આપતા પુત્રનો આપઘાત

નવસારીઃ નવસારીમાં માતાએ દારૂ પીવા બાબતે ઠપકો આપતા પુત્રએ આપઘાત કરી જીવન ટૂંકાવી લીધાનો બનાવ નવસારી ટાઉન પોલીસમથકે નોંધાયો છે. મળતી માહિતી મુજબ, નવસારીમાં જુનાથાણા ઝુમુર ગેસ એજન્સીની પાછળ વિશાલ કિશનભાઈ દંતાણી (ઉં.વ. 22) તેના પરિવાર સાથે રહેતો હતો. વિશાલને દારૂ પીવાની ટેવ હતી. જેથી તેની માતા જમનાબેને વિશાલને ઠપકો આપ્યો હતો. જે ઠપકાના કારણે વિશાલને ખોટું લાગી આવ્યું હતું. જેના પગલે ગત 11મીએ બપોરે વિશાલે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટના અંગે નવસારી ટાઉન પોલીસમથકે જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનો કબ્જો લઈ પી.એમ. અર્થેની મોકલી તપાસ હાથ ધરી છે.

### ભીલાડ ICIL કંપનીની પાઇપલાઇનમાં ભંગાણ



ઉમરગામ : ભીલાડ ઇન્ડો કાઉન્ટ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની દમણ ગંગા નદી સુધી પર પથરાયેલી પાઇપલાઇનમાં ભંગાણ સર્જાતા GPCB ની ટીમે તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ તાલુકાના ભીલાડ ખાતે આવેલી INDO COUNT INDUSTRIES LIMITED નામક કંપનીની Effluent Disposal પાઇપલાઇન દમણ ગંગા નદી સુધી પાથરવામાં આવી છે. કોઈ એક કારણસર આ પાઇપ લાઇન કેટલીક જગ્યાએ તૂટી જતા જાણ થતા જ સરીગામ જીપીસીપી ની ટીમ તપાસ અર્થે દોડી ગઈ હતી. વધુમાં GPCB ટીમે દમણ ગંગા નદીમાંથી પણ પાણીના સેમ્પલો લીધા હતા અને આની જાણ વળી કચેરીએ કરી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. આ પાઇપલાઇન તૂટી ગયા પછી તાત્કાલિક રીપેરીંગ કરવા બાબતે કંપનીના જવાબદારોએ ઉદાસીન વલણ દાખવ્યું છે કે કેમ તે પણ તપાસનો વિષય છે.

### વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષકોને ધૂળેટીના બીજા દિવસે રજા જાહેર કરાઈ

વલસાડ : વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષકોને ધૂળેટીના બીજા દિવસે રજા જાહેર કરાતા શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી ફેલાઇ ગઇ છે. સૂત્રોના જણાવ્યા મુજબ વલસાડ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા શિક્ષણ વિભાગના 02/01/2025 ના પરિપત્રના અનુસંધાને વર્ષ-2025 ની રજાઓની યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં 15/03/2025, ની રજા જીસીઈઆરટી દ્વારા લેવાતી એકમ કસોટીના કારણે રદ કરાઈ હતી. જેને લઇ શિક્ષકોમાં નારાજગી જોવા મળી હતી. જોકે વલસાડ જિ.પં.પ્રમુખ મનહર પટેલ, ધારાસભ્ય અરવિંદ પટેલ, ધારાસભ્ય જીતુ ચૌધરી, શિક્ષણ સમિતિ ચેરમેન કેતન પટેલ અને શિક્ષણ સમિતિના સભ્ય શૈલેશ પટેલની રજુઆત બાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી. બી.વસાવા દ્વારા તા.15/03/2025 ના રોજ સાંપ્રદાયિક રજા જાહેર કરવામાં આવતા પ્રાથમિક શિક્ષકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.

### વાંસદામાં બાઈક અને મોપેડ અકસ્માતમાં મનપુરના યુવાનનું મોત

વાંસદા : વાંસદા - ખાંભલા રોડ ઉપર આવેલા મનપુર ગામે બાઈક અને મોપેડ અકસ્માતમાં બાઈક પર સવાર યુવાનનું મોત નિપજ્યું હતુ. વાંસદા તાલુકાના મનપુર ગામે રહેતા નિલેશ બિરારી (ઉંમર વર્ષ 38) મોટર સાયકલ નં. GJ21 AC 5931 લઈ મનપુરથી વાંસદા જવા નીકળ્યા હતા તે દરમિયાન વાંસદા - ખંભલા માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે સામેથી આવતી એક્ટિવા નંબર GJ21 BQ 7897 ના ચાલકે બાઈક સાથે તેની એક્ટિવા અથડાવતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં નિલેશ બિહારીને ગંભીર ઇજાઓ થતા દોડી આવેલા લોકોએ નિલેશને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે વાંસદા કોટેજ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીજ્યું હતું. આ સમગ્ર બનાવ અંગે વાંસદા પોલીસ મથકે મરનારના સંબંધી સંજય બિરારીએ વાંસદા પોલીસ મથકે મોપેડ ચાલક વિરૂધ્ધ ગુનો નોંધાવતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

### 'ડાંગ દરબાર'માં ફાયર સેફ્ટી સહિતની વ્યવસ્થાઓ ઉભી કરાઇ



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે તા.૯/૩/૨૦૨૫ થી તા.૧૨/૩/૨૦૨૫ દરમિયાન આયોજિત 'ડાંગ દરબાર'ના ઐતિહાસિક લોકમેળામાં ઉમટતી જનમેદની, રાહદારીઓ, વેપારીઓ વિગેરેની સરળતા તથા સૂચારુ આયોજન અર્થે, 'ડાંગ દરબાર -૨૦૨૫' અન્વયે ડાંગ જિલ્લા કલેક્ટર રાજ સુથારના માર્ગદર્શન હેઠળ વિવિધ સમિતિઓની રચના કરવામાં આવેલી છે. આ મેળામાં લોકોને મનોરંજન મળી રહે તે માટે વિવિધ રાઇડ્ઝ પણ યોજવામાં આવેલી છે. ત્યારે આપતિ વ્યવસ્થાપન સમિતિને સોંપાયેલી જવાબદારી અનવ્યે રાઇડ્ઝ ખાતે કોઇ અનિચ્છિનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા પુરતી કાળજી રાખવામાં આવી રહેલી છે. અહીં ફાયર સેફ્ટીની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલી છે. જેમાં ફાયર એક્ઝિક્યુટર, રેતી/માટીની ડોલ, પાણીના ડ્રમ તથા મેળા દરમિયાન આગના બનાવો ન બને તે માટે પુરતી કાળજી રાખવામાં આવી છે. તેમજ ડાંગ દરબાર ૨૦૨૫ દરમિયાન જિલ્લા ખાતે ૩ મોટા ફાયર વોટર બ્રાઉસર અને ૨ નાના ફાયર ટેન્ડર મનોરંજન રાઇડ્ઝ સ્થળ અને રંગઉપવન કાર્યક્રમ સ્થળ ખાતે તૈનાત કરવામાં આવ્યા છે.

# ટ્રેન અડફેટે મૃત્યુ પામેલાના અંતિમ સંસ્કાર કરી દેનાર પોલીસ કર્મીઓ સામે પગલાં ભરો

**એક** મૃતકના પરિવારે ચીખલી પ્રાંત અધિકારી સહિત ડીવાયએસપીને આવેદનપત્ર પાઠવ્યું



કેરસી બારીયા

બીલીમોરા : ચાર દિવસ પહેલા બીલીમોરામાં ગુડ્સ ટ્રેનની અડફેટે બે કમનસીબોના કરુણ મોતમાં પોલીસે ઉતાવળે માત્ર છ કલાકમાં સદગતોના અંતિમ સંસ્કાર કરી દેતા મોટો વિવાદ થયો છે. બે પૈકી એક મૃતકના પરિવારે બનાવના દિવસે રાત્રે પોલીસને ઓળખ આપી હતી, તે પહેલા તો લાશના અંતિમ સંસ્કાર કરી દેતા પગલાં ભરવા પરિવારે ચીખલી પ્રાંત અધિકારી સહિત ડીવાયએસપીને આવેદનપત્ર પાઠવ્યું છે.

ગઈ 9/3/2025 બપોરે ટ્રેનની અડફેટે બે યુવાનોના મોત પ્રકરણમાં બીલીમોરા પોલીસે અંતિમ સંસ્કાર કરી દીધા હતા. બે પૈકી એક મૃતક તો રેલવે કોલોનીનો હોવાથી પરિવારે ઓળખના હિસાબે રાત્રે સંપર્ક કરતા પોલીસે બીજા દિવસે આધારકાર્ડ લઈને આવવા જણાવ્યું હતું. પરિવાર બીજા દિવસે તેના સ્વજનનો મૃત્યુદેહ લેવા ગયા તો પોલીસે બેજવાબદારી ભર્યો જવાબ આપી જણાવ્યું કે બંનેના અંતિમ સંસ્કાર બનાવના દિવસે સાંજે કરી દેવામાં આવ્યા હતા. આ સાંભળી પરિવારે પોલીસ પાસેથી ખુલાસો પૂછ્યો કે તમે અંતિમ સંસ્કાર કરી દીધા હતા તો અમને ઓળખ કરવા બીજા દિવસે કેમ બોલાવ્યા.? આ અંગે બીલીમોરાના પી.આઈ કેડી નકુમે કબૂલ્યુ કે લાશ ખરાબ રીતે કપાઈ ગઈ હોવાથી અને અહીં કોલ્ડ સ્ટોરેજની કોઈ વ્યવસ્થા ન હોવાથી અંતિમ સંસ્કાર કરી દેવા પડ્યા હતા. એક તરફ પરિવારે પોતાનો યુવાન સ્વજન ગુમાવ્યો તેના અંતિમ દર્શન પણ પોલીસે કરેલી ઉતાવળને કારણે નહીં કરી શકવાને કારણે જવાબદાર પોલીસ અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભરવાની ચીખલી પ્રાંત અધિકારી સાથે ડીવાયએસપી ગોહિલને આવેદન પત્ર પાઠવી કડક કાર્યવાહીની માંગ પરિવારે કરી છે. પરિવારના પડખે કોંગ્રેસ આગેવાન શૈલેષ પટેલ, રામબાબુ શુક્લા, રાહુલ ઈટવાલ ઉપસ્થિત રહ્યા હતા.

# 'જૂનો ઇન્કમટેક્સનો કેસ ચાલુ છે, કેસમાં ફસાવી દઇશું' કહી ધમકી આપી સહી કરાવી લીધી

**મીટિંગ** કરવાના બહાને બોલાવી ઉમરગામની કંપનીના ડાયરેક્ટરને મારી નાખવાની ધમકી આપી

**ચાર** ડાયરેક્ટરો સહિત અન્ય ચાર અજાણ્યા ઇસમો વિરુદ્ધ પોલીસ ફરિયાદથી ચકચાર

ઉમરગામ : ઇન્કમટેક્સ ઓફિસર સાથે મીટિંગ કરવાના ખોટા બહાને બોલાવી ઉમરગામમાં રાશિ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.ના ડાયરેક્ટરને જાનથી મારી નાખવાની ધમકી આપી જબરજસ્તી પેપરો ઉપર સહીઓ કરાવી દીધી હોય ચાર ડાયરેક્ટરો સહિત કારમાં આવેલા અજાણ્યા ચાર ઇસમો વિરુદ્ધ પોલીસ ફરિયાદથી ચકચાર મચી જવા પામી છે.

મુંબઇ બોરીવલી રાઇટ ગેલેક્સી સોડાવાલી ગલી ઇસ્ટમાં રહેતા અને ઉમરગામ તાલુકાના પડગામ ખાતે રાશિ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ કંપનીના ભાગીદારી પેઢીમાં ડાયરેક્ટર શેર હોલ્ડર એવા ફરિયાદી રાજેશ લખમશી નિસરે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે કંપનીના ડાયરેક્ટર પુરુષોત્તમ ચંદુલાલ ભાનુશાળી, પ્રેમિલાબેન પુરુષોત્તમ ભાનુશાલી, ભાવિનીબેન પુરુષોત્તમ ભાનુશાળી (તમામ રહે બોરીવલી મુંબઇ), જગદીશભાઇ મનજીભાઇ ભાનુશાળી (રહે ઉમરગામ) તથા કારમાં આવેલા ચાર જેટલા અજાણ્યા ઈસમોએ રાજેશભાઈને તથા તેમના કાકાના દીકરા સુમિતને જૂનો ઇન્કમટેક્સનો કેસ ચાલુ છે તેની પટાવટ બાબતે ઇન્કમટેક્સ ઓફિસર સાથે મીટિંગ કરવાના ખોટા બહાને ઉમરગામ પડગામ રાશી એન્ટરપ્રાઇઝ ઝુનજુનવાલા પાર્ક પ્લોટ નંબરની ઓફિસમાં ગુરુવારે બોલાવી ધાક ધમકી આપી ગાળો આપી ઇન્કમટેક્સના કેસમાં ફસાવી આખી જિંદગી જેલમાં કાઢવાની ધમકી આપી રેઝીગનેશન લેટર બોર્ડ ઓફ ડાયરેક્ટર, શેર ટ્રાન્સફર એગ્રીમેન્ટ, સેવરલ ફોર્મ તથા રાશી એગ્રો ઇન્ડસ્ટ્રીઝના લેટરપેડ ઉપર આપેલ સમાધાન લેટર વગેરે પેપરો જાનથી મારી નાખવાની ધમકી આપી જબરજસ્તી સહીઓ કરાવી લીધી હતી. આ બનાવની ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ રાજેશ નિસર (રહે બોરીવલી ઇસ્ટ મુંબઇ)એ આપતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી.

## મધ્યાહન ભોજન બંધ કરી શાળામાં બનાવી આપવા રજૂઆત

વાંસદા : વાંસદાના રૂપવેલ ગામના સરપંચે મામલતદાર અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યુ હતુ. જેમાં જણાવ્યા મુજબ નાયક ફાઉન્ડેશન દ્વારા નવસારી જિલ્લામાં મધ્યાહન ભોજન પીરસવામાં આવે છે, તે ભોજન મળસ્કે ૨ થી ૩ વાગ્યે બને છે. ત્યારબાદ નાયક ફાઉન્ડેશનની ગાડીઓ દ્વારા બપોરે સ્કૂલમાં ઉતારી ૧:૪૫ ની રીશેષમાં બાળકોને જમાડવામાં આવે છે. જે ભોજન વાસી થઈ જાય છે. જેના કારણે બાળકોની તબિયત બગડે છે. શાળામાં આપવામાં આવતું ભોજન બાળકોને નહીં ભાવવાના કારણે ફેંકી દેવામાં આવે છે. આમ મધ્યાહન ભોજન ખાઈને બાળકો કુપોષિત થવા જઈ રહ્યા છે. જેથી આ કંપની દ્વારા પીરસાતું ભોજન બંધ કરી પહેલા ચાલતું તે જ પ્રમાણે શાળાના પરિસરમાં બનાવી બાળકોને ગરમ ભોજન પીરસવામાં આવે. જેથી કુપોષિત દરમાં પણ સુધારો થઈ શકે. વધુમાં જણાવ્યું હતું કે અમલસાડ, ખેરગામ અને ચીખલીની શાળાઓમાં ભોજનમાં ગરોળી, વંદો અને ઈયળ નીકળી હોવાના પણ બનાવો બન્યા હતા. જે બાબતને પણ ધ્યાનમાં લઈ બાળકોની તંદુરસ્તીનું ધ્યાન રાખી આ એજન્સી દ્વારા આવતું ભોજન બંધ કરવા જણાવ્યું હતું.

# ભારે વાહનોને હાઈવેના પ્રથમ લેનમાં ચલાવવા પર પ્રતિબંધ

**જીવલેણ** અકસ્માતો અટકાવવા પોલીસ નિયમો કડક બનાવાશે

**વલસાડ** જિલ્લા પોલીસની વાપીમાં ટ્રાન્સપોર્ટરો અને વાહનચાલકો સાથે મીટિંગ




### ગયા વર્ષે હાઈવે પર અકસ્માતોમાં 280 લોકોએ જીવ ગુમાવ્યા હતાં

વલસાડ જિલ્લા પોલીસવડા ડો. કરણરાજ વાઘેલા અને અધિકારીઓએ વાપીના ટ્રાન્સપોર્ટરો સાથે મંગળવારે બેઠક યોજી હાઇવે પર વાહન ચલાવવા માટેના નિયમો અંગેની સમજ આપી હતી. હાઈવેની સાથે અન્ય નેશનલ હાઈવે પર પણ પસાર થાય છે. આ હાઇવે પર આડેધડ ડ્રાઇવિંગને કારણે અનેક વખત ગંભીર અકસ્માતો પણ થાય છે. ગયા વર્ષે જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે પર થયેલા અકસ્માતોમાં 280 જેટલા લોકોએ જીવ ગુમાવ્યા હતાં. આથી આવા અકસ્માતોની સંખ્યા ઓછી થાય અને લોકોના જીવ બચે તે માટે લેન ડ્રાઇવિંગ ફરજિયાત કરવામાં આવી રહી છે.

વાપી : વલસાડ જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે સહિત અન્ય હાઈવે ઉપર જીવલેણ અકસ્માતો સર્જાતા અટકાવવા માટે પોલીસ દ્વારા હાઈવે પર વાહન ચલાવવા માટેના નિયમોને વધુ કડક કરવામાં આવી રહ્યા છે. હવેથી હાઈવે પર વાહનો ચલાવવા માટેની નિયમ મુજબની લેન ડ્રાઈવિંગ ફરજિયાત કરવામાં આવી રહી છે.

આ માટે વલસાડ જિલ્લા પોલીસ દ્વારા વાપીમાં વાપી ટ્રાન્સપોર્ટ એસોસિએશન હોલમાં વાપી ટ્રાન્સપોર્ટ એસો.ના પ્રમુખ ભરત ઠક્કર, માજી પ્રમુખ અરવિંદ શાહ, બાલાજી સમેત એસો.ના સભ્યો અને ટ્રાન્સપોર્ટરો, ભારે વાહન માલિકો અને ચાલકો સાથે એક બેઠક કરી નિયમોની સમજ આપી નિયમના ભંગ બદલ કડક કાર્યવાહીની ચીમકી પણ આપવામાં આવી હતી.

31 મી માર્ચથી જિલ્લાના હાઈવે પરથી પસાર થતા વાહનોને લેન ડ્રાઈવિંગ કરવું ફરજિયાત બનશે. લેન ડ્રાઈવિંગ ન કરતા વાહન ચાલકો પર કડક કાર્યવાહી માટે પોલીસે તૈયારી કરી છે. નેશનલ હાઈવે પર 1 નંબરની લેન પર ભારે વાહનો ચલાવવા પર રોક લગાવવામાં આવી છે. નેશનલ હાઈવે પરથી પસાર થતા ભારે વાહનચાલકો તેમની મરજી મુજબ કોઈ પણ લેન પર આડેધડ વાહનો દોડાવતા હોવાથી અનેક વખત ગંભીર અકસ્માતો પણ સર્જાયા છે. આવા અકસ્માતોને રોકવા માટે હવે પોલીસ વિભાગ દ્વારા હાઈવે પરના લેન ડ્રાઈવિંગના નિયમોને વધુ કડક કરવામાં આવી રહ્યા છે.



ગિરીશ ભોયે

# પ્રવાસીઓ આનંદો, સાપુતારામાં રોપ-વે એક્ટિવિટી પુનઃ શરૂ કરાઈ

**ડેપ્યુટી** ચીફ ઇલેક્ટ્રીકલ ઇન્સપેક્ટરના રિપોર્ટ ઉપરાંત અગ્નિશમન અધિકારી-સુરતના અભિપ્રાય અનુસાર પરવાનગી અપાઇ

સાપુતારા : ગિરિમથક સાપુતારા ખાતે પ્રવાસીઓમાં અનેરું આકર્ષણ ધરાવતી રોપ-વે એક્ટિવિટી પુનઃ શરૂ કરવાની લીલીઝંડી મળી ગઈ છે. સાંસદ ધવલ પટેલ, ડાંગના ધારાસભ્ય વિજય પટેલના પ્રયાસોને કારણે રોપ-વે એક્ટિવિટી પુનઃ શરૂ થવા જઈ રહી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર, ડાંગના માર્ગદર્શન અને સૂચન અનુસાર ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રીકલ ઈન્સપેક્ટર-વડોદરા દ્વારા મળેલા જોઈન્ટ ઈન્સપેક્શન રિપોર્ટ, ઉપરાંત પ્રાદેશિક અગ્નિશમન અધિકારી-સુરતના અભિપ્રાય અનુસાર, ગિરિમથક ખાતે રોપ-વે પ્રવૃતિ પુનઃ શરૂ કરવાની પરવાનગી આપી છે. આગામી દિવસોમાં સાપુતારાની બોટિંગ સહિતની પ્રવૃત્તિને પણ નિયમોનુસાર પુનઃ શરૂ થાય તેવા પ્રયાસો હાથ ધરાયા છે.

સાપુતારા ખાતે રોપવે એક્ટિવિટીને પુન શરૂ કરાતા સાપુતારા હોટલ એસોસિએશનનાં પ્રમુખ ઉપેન્દ્રભાઈ પટેલ તથા સેક્રેટરી તુકારામભાઈ કર્ડિલે સહિત હોટલ એસોસિએશનનાં હોદેદારોએ પદાધિકારીઓ સહિત વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.